## ઈન્ટરવ્યુના દિવસે નિયત સમયે નીચે મુજબના અસલ પ્રમાણપત્રો ક્રમાનુસાર અચૂક રજૂ કરવા

(૧) ઈન્ટરવ્યુ કોલ લેટર

(૨) જન્મ તારીખનો પુરાવો

(૩) ડિગ્રી પ્રમાણપત્ર / માર્કશીટ

(૪) ઈન્ટર્નશીપ પૂરી કર્યાનું પ્રમાણપત્ર

(૫) જાતિનું પ્રમાણપત્ર

(૬) નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર (સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ માટે)

(૭) રજિસ્ટ્રેશન સર્ટિફીકેટ

(૮) અનુભવ દર્શાવેલ હોય તે પ્રમાણપત્ર

(૯) N. O. C. - ના વાંધા પ્રમાણપત્ર (સરકારી કર્મચારીના કિસ્સામાં)

# સફળ ઈન્ટરવ્યુ માટે સોનેરી સૂચનો

૧. ચહેરો હસતો અને પ્રફૂલ્લિત રાખો.

૨. અવાજ સ્પષ્ટ અને મોટો રાખો.

૩. પૂછે તેનો જ જવાબ આપો.

૪. જવાબ ટૂંકો અને મુદ્દાસર આપો.

૫. ઉતાવળથી ખોટો જવાબ ન આપો.

૬. વિચારીને સાચો જવાબ આપવા પ્રયત્ન કરો.

૭. જવાબ સમજાય તેવો આપો.

# ઈન્ટરવ્યુમાં આનંદ અનુભવો

કેટલાક ઉમેદવારો ઈન્ટરવ્યુ વખતે શિથિલ (**nervous**) થઈ જતા હોય છે. આ લખાણ પણ ખાસ તેમને ઉદ્દેશીને જ છે.

શું પૂછાશે એવી ભવિષ્યની ચિંતા દૂર કરો. મનને સ્વસ્થ અને પ્રફૂલ્લિત રાખો. તમારી સ્વાભાવિકતા અને સાહજિકતા જાળવી રાખો. ઘરમાં વડીલો સાથે વાત કરતા હોઈએ એવી આ વાતચીત જ છે. તેથી તે રીતે આનંદ, ઉત્સાહ અને ઉમંગથી ઈન્ટરવ્યુ આપો. બાકી બધું ઈશ્વર પર છોડી દો. તે તમારી સાથે છે અને તમારી સંભાળ રાખે છે એવો વિશ્વાસ રાખો.